# બીજા દિવસે પણ મહેસાણા જિલ્લામાં વિરોધનો વંટોળ

મહેસાણા, તા. ૧૮
પાટણ કલેકટર કચેરીએ આત્મ વિલોપનનો કરનાર દલિત વૃદ્ધ ભાનુભાઈ વણકરનું શુક્રવારે રાતે મોત થયું હતું. જે બાદ ગત જઈને વિરોધ નોધાવ્યો હતો. જ્યારે વિરોધના કારણે હાલમાં પોલીસે આજે ૨૦ થી વધુ લોકોની અટકાયત એક તાલુકામાંથી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. નાતે હાલમાં સમગ્ર રાજ્યમાં તેના વિરોધ જોવા મળી રહ્યા છે. આજે જિલ્લાના ૩ તાલુકામાં વિરોધ રવિવારે પણ જોવા મળ્યો હતો. ગત રોજ શિનવારના રોજ સમાજમાં આક્રોશ ન હતો પરતું આજે જીગ્નેશ મેવાણીની ધરપકડ કર્યા બાદ આજે જિલ્લામાં ઠેર ઠેર વિરોધ જોવા મળ્યો હતો. ભાનુભાઈ વણકરના નેતાઓ ન્યાય અપાવવા મેદાને આવ્યા હતા. જ્યારે પાટણ અને ઊંઝાના સ્થાનિક દલિત આગેવાનો દ્વારા ભાનુભાઈના મૃત્યુના મુદ્દે બંધનું એલાન આગેવાનોએ ટાયર સળગાવ્યા હતા તો મહેસાણાના સોમનાથ ચોક વિસ્તારમાં આડશ મૂકીને રસ્તો રોકવામાં આવ્યો હતો. જ્યારે ભાનુભાઈના માદરે વતન વાહનવ્યવહાર રાબેતા મુજબ છે. ઊંજા પાટણ અને મહેસાણા પાલનપુર રોડ બંધ કરવામાં આવતા પથ્થરમારો ચલવતા એક એસ.આર.પી જવાનને ઈજા પણ આવ્યા છે અને કોઈ અનિચ્છનીય ઘટના ના બને તેવા પ્રયાસો તંત્ર દ્વારા કરવામાં આવ્યા હતા. સાથે દલિત મહિલાએ થાળી વેલણ પણ વગાડ્યા હતા અને રોડ પર








રોજ શનિવાર અને આજે રવિવારે જિલ્લાના જુદા જુદા માર્ગો પર વિરોધના વંટોળ જોવા મળ્યા હતા. મહેસાણાના વડનગર સહિત ઊંજા તાલુકા સહિત મહેસાણામાં દલિત સમાજ રોડ પર આવી

મૂળ ઊંજાના અને પાટણ ખાતે કલેકટર કચેરીમાં જાતે જ અગન પિછોડી ઓળીને મોતને હવાલે થવાથી હાલમાં રાજકારણ ગરમાયુ છે. ભાનુભાઈ વણકર સમાજના આગેવાન હોવાના સવારથી જ હાલમાં હાઈવોલ્ટેજ ડ્રામા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થઈ રહ્યા છે. પહેલા માંગણી માની લેવામાં આવી હોવાનું હાલમાં કહેવામાં આવતા દલિત પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા બાદ પરિવારજનોએ માંગણી ન સંતોષાય ત્યાં સુધી લાશ લેવાનો ઈનકાર કરી દીધો હતો. તો બીજી બાજુ, હાર્દિક પટેલ અને જીજ્ઞેશ મેવાણી સહિતના શનિવારે આપવામાં આવ્યું હતું. અને આજે પણ અમદવાદમાં બંધની અસર વચ્ચે મહેસાણામાં પણ આગનીજનીનું નિર્માણ થવા ગયું હતું. મહેસાણાના વડનગર ચાર રસ્તા પાસે દલિત ઊંઝામાં પણ હાઈવે બંધ કરવામાં આવ્યો હતો. ચક્કાજામ કરતાની સાથેજ પોલીસે તમામની અટકાયત કરી હતી. હાલમાં ૨૦ થી વધુ લોકોની અટકાયત ૩ તાલુકામાં થવા ગઈ છે. હાલમાં થઈ હતી. અને આસપાસના ગામોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઇ હતી. જેમાં ઊંઝામાં એસટી બસ સ્ટેન્ડ સહિત જિલ્લાના ૧૧ ડેપોના બસના રૂટ બંધ કરી દેવામાં સુત્રચાર કાર્ય હતા. હાલમાં જિલ્લાની પોલીસ ખડકાઈયેલી જોવા મળી રહી છે. જ્યારે આ નિવેડો જલ્દી નહી આવે તો આગમી દિવસોમાં આના ગંભીર પ્રશ્નો થઈ શકે તેમ છે.

## ધાનેરા પોલીસ દ્વારા ૯ દલિત યુવકોની અટકાયત

### દલિત યુવકો વિરોધ અને ચક્કાજામ કરે તે પહેલા જ પોલીસ પહોંચી ગઈ

ધાનેરા પોલીસે ૧૦ દલિત યુવાનોની અટકાયત કરી છે દલિત યુવાનો પાટણ આતવિલોપન મામલે વિરોધ પાટણ કલેકટર કચેરી માં ભાનુભાઈ એ કરેલા આત્મવિલોપન થી સમગ્ર ગુજરાત માં ચકચાર મચી ગઈ યુવાનો ધ્વરા ધાનેરા રાજધાની ત્રણ રસ્તા ઉપર ટાયર સળગાવી વિરોધ કરવાના હતા ત્યારે આ બાબતે ધાનેરા ના પીઆઈ શ્રી



કરી રહ્યા હતા અને રસ્તા પર ટાયર સળગાવે અને ચક્કાજામ કરે તે પહેલા જ ધાનેરા પોલીસ પહોંચી ગઈ હતી અને દલિત યુવાનો ની અટકાયત કરી લીધી હતી.

છે અને ઠેર-ઠેર દલિત સમાજ સહીત અન્ય લોકો ધ્વરા ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે અને જાહેર રસ્તા ઉપર ટાયર સળગાવી ચક્કાજામ કરી રહ્યા છે ત્યારે આજે ધાનેરા માં પણ દલિત આર કે પાઠક તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને વિરોધ કરે તે પહેલા ૧૦ જેટલા દલિત યુવકો ની અટકાયત કરી હતી અને મામલો શાંત બનવાની કોશિશ કરી હતી.





## મોડાસા સહયોગ ચોકડી પર ભીમ સૈનિકો દ્વારા ટાયર સળગાવી ચક્કાજામ

પાટણમાં ભાનુભાઈ વણકરના આત્મવિલોપનના ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર રાજ્ય સહીત ઉત્તરગુજરાતમાં અજંપાભરી સ્થિતિનું નિર્માણ થતા ભારેલા અગ્નિ જેવો માહોલ સર્જાયો છે. ભાનુભાઈએ આત્મવિલોપનની ઘટના બાદ તેમના પરિવારજનોની માંગણીને યોગ્ય ન્યાય આપવામાં રાજ્ય સરકાર ઉણી ઉતરી હોવાની ભાવના દલિત સમાજમાં પ્રવર્તા ઠેર ઠેર અનુસૂચિત જાતી સમાજ અને ભીમ સૈનિકો દ્વારા ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. ત્યારે મોડાસા શહેરના સહયોગ બાયપાસ ચોકડી નજીક સાંજના સુમારે રોડ પર ચક્કાજામ કરી ટાયર સળગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી સહયોગ ચોકડી નજીક રવિવારે સાંજના સુમારે જીલ્લાના ભીમ સૈનિકો મોટી સંખ્યામાં રોડ પર ઉતરી પડી રોડ પર ટાયર સળગાવી ભાનુભાઈના પરિવારજનોને યોગ્ય ન્યાય અપાવવા અને સંવેદનહીન સરકાર ને જગાડવા પ્રયત્નો કરી ચક્કાજામ કરતા ભારે અફડાતફડી મચી હતી. ચક્કાજામના પગલે મોડાસા ટાઉન પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે ધસી આવી ભીમ સૈનિકો સાથે શાંતિપૂર્વક વાટાઘાટો કરી ટ્રાફિક પૂર્વવત કરાયો હતો.

## આજે પ્રાંતિજ સહિતના પાલિકાઓના પરિણામ જાહેર થશે

પ્રાંતિજ, તા. ૧૮
ગુજરાતમાં ૭૫ નગર પાલિકાઓની ચૂંટણીઓ યોજાઇ હતી જેમાં આજે મતગણતરી બાદ પરિણામો જાહેર થશે જેમાં સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પણ નગરપાલિકાની ચુંટણી બાદ આજે પરિણામને લઈને નગરજનો સહિત લોકોમાં ઉત્સાહ જોવાં મળી રહ્યો છે અને કોન જીત્યુ , કોન કપાશે, કોણ જોર મારી જશે, કોણ આવ્યું જેવી અટકળો બાદ પરિણામ જાહેર થશે તો ભાજપ-કોંગ્રેસને આ વખતે સીધી સત્તા મેળવવી મુશ્કેલ દેખાય રહી છે તો ભાજપ-કોંગ્રેસ અપક્ષ ઉમેદવારો પણ જીતનો દાવો છાતી ઠોકીને કરી રહ્યાં છે.

પ્રાંતિજ નગરપાલિકાની ચુંટણી તા.૧૭-૨-૨૦૧૮ને શનિવારના રોજ યોજાઈ હતી અને એક દિવસ બાદ આજે ૧૯-૨-૨૦૧૮ને સોમવારના રોજ પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપર આવેલ તાલુકા સેવા સદન ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. જેમાં નગરજનો સહિત ઉમેદવારો ટેકેદારો સહિત ભાજપ-કોંગ્રેસ પક્ષના કાર્યકરો સહિત લોકો ઉપસ્થિત રહશે. બન્ને પક્ષોના નેતાઓની પણ નજર આજના પરિણામો ઉપર મંડાયેલી રહેશે તો આ વખતે નગર સર્વે મુજબ કોઈપણ વોર્ડમાં પેનલ સીધે સીધી ચાલશે નહી તેવું લોકમુખે ચર્ચાઇ રહ્યું છે. આ વખતે ભાજપ માટે સત્તા મેળવવા મુશ્કેલ છે અને ભાજપની ૧૦થી ૧૧ સીટો આજુબાજુ આવે તેમ છે તો જો ભાજપ ને સત્તા ઉપર આવવું હોયતો અપક્ષનો સહારો લેવો પડે તે નકકી છે. બીજીબાજુ ભાજપ પક્ષના જ અપક્ષો આ વખતે ભાજપ ઉપર ભારે પડે તેમ છે અને અપક્ષોનો સહારો લેવો પડે તેવું સ્પષ્ટ એંધાણ જણાઇ આવે છે. આ વખતે કોંગ્રેસ પોતાનાં મેન્ડેટ ઉપર પોતાનું ખાતું ખોલતું હોય તેવું જણાઈ આવે છે. અને કોંગ્રેસ ને મેન્ડેટ ઉપર ૬થી ૭ સીટો મળે તો નવાઈ નહી તો બીજીબાજુ કોંગ્રેસ પણ વોર્ડ નંબર-૫ ના લઘુમતી સમાજના ઉમેદવારો તથા અન્ય અપક્ષોના સહારે સત્તા સંભાળે તો નવાઇ નહીં તો આ વખતે પરિણામો ચોંકાવનારા છે ભાજપે વિકાસ કર્યો પણ અંદરો-અંદરના અસંતોષ ભાજપને ભારે પડે તેમ કહીએ તો નવાઈ નહીં. સવારથી જ પ્રાંતિજવાસીઓ ભાજપ-કોંગ્રેસ અપક્ષના ઉમેદવારો તથા નગરજનો પરીણામ ઉપર નજર રહેશે અને રેલ્વે સ્ટેશન ખાતે તાલુકા સેવાસદન ખાતે ઉમેદવારો સહિત લોકોનાં ટોળાઓ ઉપસ્થિત રહશે અને પોતાના મત કે ઉમેદવારો આવશે કે નહીં તેની ઉપર સોર્વકોઈની નજર મંડાયેલી રહેશે તો ૧૦થી ૧૧ વાગ્યા સુધીમાં પરિણામો જાહેર થઈ જશે.

## ધાનેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન

### ધાનેરા નગરપાલિકાના ૭ વોર્ડ માટે ૬૪ ઉમેદવારોના ભાવિ ઈવીએમ મશીનમાં શીલ

ધાનેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૭ વોર્ડ માટે ૬૪ ઊનેદવારોએ લાંધપુરા તેમજ ભીલવાસ પ્રાથમિક શાળામાં વહેલી સવારથી જ મતદાન શરુ કરી દેવામાં આવ્યું આવી હતી તો ક્યાંક ને ક્યાંક મતદાન કરવા આવેલા લોકોને ભારે મુશ્કેલી સામનો કરવો પડ્યો હતો





ઉમેદવારી નોંધાવી હતી અને આજે વહેલી સવાર થી જ મતદાન શરુ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ મતદાન કર્યું હતું.

ધાનેરાની તાલુકા શાળા, ડી બી પારેખ હાઈસ્કૂલ વિવેકાનંદ, હતું અને મોટા પ્રમાણમાં લોકોએ મતદાન કર્યું હતું તો બીજી તરફ મતદાન કરવા આવેલા લોકો ને કોઈ મુશ્કેલી ન પડે અને કોઈ અણ બનાવ ન બને તે માટે તંત્ર ધ્વરા પણ પૂરતી તૈયારીઓ કરી દેવામાં અને વારંવાર ઈવીએમ મશીન બંધ થઈ જતા લોકો પણ કંટાળ્યા હતા તો બીજી તરફ કોઈ અણ બનાવ ન બનતા અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી સંપન્ન થઈ જતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## મોડાસા શહેરમાં "મોલોમસી"ના ઉપદ્રવથી દ્વિચક્રી વાહનચાલકો અને રાહદારીઓ તોબા

મોડાસા, તા. ૧૮
મોડસ શહેર સહીત અરવલ્લી જીલ્લામાં મોલોમસીના આક્રમણથી ભારે મુશ્કેલીનો સામનો દ્રિચક્રી વાહન ચાલકો અને રાહદારીઓ કરી રહ્યા છે. દ્રિચક્રી વાહનચાલકોની આંખોમાં ઉડીને વરિયાળીનું વાવેતર કરવામાં આવ્યું હોવાથી ખેત સીમાડાઓમાં લહેરાઈ રહ્યા છે ત્યારે આ ખેતી પાકોમાં મોલોમસીનો વ્યાપક ઉપદ્રવ થતા તેના ઝુંડે ઝુંડ ઉડવા લાગતા દ્રિચક્રી વાહનચાલકો અને




રાહદારીઓ પરેશાનીનો ભોગ બન્યા છે. મોડાસા પંથકમાં થયેલ મરી મસાલાના પાકોને લઈને હાલ ઉપજ તૈયાર અને લેવાનો સમય ચાલી રહ્યો છે ત્યારે દરવર્ષે થતો આ પાકોમાં મોલો મચ્છીનો ચાલુ સાલે પણ ઉપદ્રવ થતા મોલોમસીના ઝુંડે ઝુંડ ઉડતા પડતી હોવાથી અને જલદ બળતરા પેદા કરતી મોલોમસી નામના મચ્છરો રવી સીઝન પૂર્ણ નહિ થાય ત્યાં સુધી ઉપદ્રવ મચાવશે.

મોડાસા પંથક અને અરવલ્લી જીલ્લામાં ચાલુ સાલે મોટા પ્રમાણમાં રાયડો, જીરું અને સાયકલ સવારથી લઈને દ્રિચક્રીય વાહનચાલકોની આંખોમાં ઘુસી જતા હેરાન પરેશાન થવાની સાથે કેટલીક જગ્યાએતો બાઈક ચાલકો સ્લીપ ખાઈ જવાના અને પટકાઈ જવાના અનેક બનાવો બની રહ્યા છે.



## ધાનેરામાં વારંવાર ઈવીએમ મશીન બંધ થઇ જતા મતદાન કરવું મુશ્કેલ બન્યું

ગુજરાતની ૭૪ નગરપાલિકાઓની આજે ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં આજે થરાદ અને ધાનેરા નગરપાલિકા માટે ચૂંટણી યોજાઈ રહી છે વહેલી સવારથી જ થરાદ અને ધાનેરમાં મતદાન કરવા માટે મતદાન કેન્દ્રો ઉપર લાઈનોમાં ઉભા રહીને મતદાન કરી રહ્યા છે ધાનેરા નગરપાલિકાની ચૂંટણીમાં લોકો પોતાને મળેલો મતાધિકારનો ભરપૂર ઉપીયોગ કરી રહ્યા છે ત્યારે અનેક મતદાન કેન્દ્રો ઉપર લોકોની ભીડ જામી હતી પોતાના નગરના વિકાસ માટે મતદાન કરવા આવેલા લોકોને ઈવીએમ મશીન ખોટવાતા કલાકો સુધી રાહ જોવી પડી હતી જેમાં તડકામાં કલાકો સુધી લાઈન લગાવીને મતદાન કરવા આવેલા લોકો ઈવીએમ મશીન બગડતા મતદાન બંધ થઈ જતા રોષે ભરાયા હતા ઉલ્લેખનીય છે કે સવારે મતદાન શરૃ થયાના અડધો કલાકમાં ધાનેરાના વોર્ડનં ૧ માં ઈવીએમ મશીન ખોટવાયુ હતું જેથી મતદાન કરવા આવેલા લોકોમાં રોષ જોવા મળ્યો હતો તો ત્યાર બાદ બપોરે ફરીથી વોર્ડ નં ૪ માં ઈવીએમ મશીન ખોટવાયુ હતું જેના કારણે મતદાન બંધ કરી દેવામાં આવ્યું હતું અને લોકો પોતાની લાઈનમાં જ તડકામાં નીચે બેસી ગયા હતા અને તંત્ર સામે પોતાનો રોષ પ્રગટ કરી રહ્યા હતા જ્યાં મતદાન મથકના અધિકારીઓ ઈવીએમ ફરીથી કાર્યરત કરવાના પ્રયત્નો કરી રહ્યા હતા.